પરમકૃપાળુ ! દીનદયાળુ, જીવનનાં આધાર વંદુ, સચરાચર, જગદીશ્વર, ઘટઘટમાં વસનાર વંદુ..

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૩૨૫ |
| અમદાવાદ | ૧૬૬ |
| ગાંધીનગર | ૩૨ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૭૫ ૪ સપ્ટેમ્બર, ૨૦૨૦, શુક્રવાર; ભાદરવા વદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# મોદીનું ટ્વીટર એકાઉન્ટ હેક

## વડાપ્રધાન મોદીની પર્સનલ વેબસાઈટનું પણ ટ્વિટર એકાઉન્ટ છે અને તેના ૨૫ લાખ જેટલા ફ્લોઅર્સ છે

નવી દિલ્હી, તા. ૩

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વ્યક્તિગત વેબસાઈટનું ટ્વિટર એકાઉન્ટ હેક કરાયું હતું. હેકરે કોવિડ ૧૯ રિલીફ ફંડ માટે બિટકોઈનમાં દાન આપવાની માંગ કરી હતી. જો કે તાત્કાલિક આ ટ્વીટ્સ ડિલીટ કરી દેવામાં આવી હતી. પીએમ મોદીની પર્સનલ વેપસાઈટના ટ્વિટર એકાઉન્ટના મેસેજમાં લખવામાં આવ્યું કે, હું તમને લોકોને અપીલ કરું છું કે કોવિડ-૧૯ માટે રચવામાં આવેલા પીએમ રિલીફ ફંડમાં દાન આપો. અન્ય એક ટ્વીટમાં હેકરે લખ્યું કે, આ એકાઉન્ટ જોન વિક (hckindia @tutanota.com) એ હેક કર્યુ છે. અમે પેટીએમ મોલ હેક નથી કર્યું. આ તમામ ટ્વીટ ડિલીટ કરી દેવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પર્સનલ વેબસાઈટનું પણ ટ્વિટર એકાઉન્ટ છે અને તેના ૨૫ લાખ જેટલા ફલોઅર્સ છે. ટ્વિટરે ગુરુવારે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પર્સનલ વેબસાઈટનું ટ્વિટર એકાઉન્ટ હેક થયું હોવાની પુષ્ટિ કરી હતી.

હેકરે કેટલીક ટ્વીટ્સ કરીને બિટકોઈનમાં દાન માંગ્યું હતું. ટ્વિટરે જણાવ્યું કે તે આ સમગ્ર બાબતથી વાકેફ છે અને તેમણે એકાઉન્ટ સુરક્ષિત કરવા માટે પગલા લીધા છે. ટ્વીટરના પ્રવક્તાએ નિવેદનમાં જણાવ્યું કે અમે આ મામલે સક્રિય તપાસ કરી રહ્યા છીએ. હાલમાં વધુ એકાઉન્ટ્સ પ્રભાવિત થયા હોવાની માહિતી મળી નથી. પેટીએમ મોલના ડેટા ચોરીમાં પણ જોન વિક ગ્રુપનું નામ આવ્યું હતું. સાયબર સિક્યોરિટી ફર્મ સાઈબલે ૩૦ ઓગસ્ટના દાવો કર્યો હતો કે જોન વિક ગ્રુપે પેટીએમ મોલનો ડેટા ચોરી કર્યો હતો. સાઈબલે દાવો કર્યો હતો કે આ હેકર ગ્રુપે (રેન્સમ) ખંડણીના નાણાં માંગ્યા હતા. જો કે પેટીએમે દાવો ફગાવતા જણાવ્યું હતું કે ડેટા લીક જેવી કોઈ ઘટના ઘટી નથી.

## વડાપ્રધાન મોદી ૨૫ સપ્ટેમ્બરે યુએનની સામાન્ય સભાને સંબોધશે

ન્યુ દિલ્હી,તા.૩

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૬મી સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભા સંબોધશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. સંયુક્ત રાષ્ટ્રસંઘના ૭૫ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત આ બેઠક વર્ચ્યુઅલી યોજવામાં આવશે જેમાં દેશ-વિદેશના વડાઓ અને સરકાર પ્રત્યક્ષ રીતે હાજર નહીં રહે.

## દેશમાં ફક્ત ચાર જ સરકારી બેન્કો રાખવા માટેની તૈયારી

નવી દિલ્હી, તા. ૩

ભારતમાં બેન્કિંગ સેક્ટરમાં ટૂંક સમયમાં મોટી ઉથલપાથલ થઈ શકે છે. નીતિ આયોગે આ માટેની બ્લુ પ્રિન્ટ પણ તૈયાર કરી દીધી છે.આયોગે કેન્દ્ર સરકારને દેશમાં માત્ર ચાર જ સરકારી બેન્ક રાખવા માટે સલાહ આપી છે.આ ચાર બેન્કમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બેન્ક, બેન્ક ઓફ બરોડા અને કેનેરા બેન્ક સામેલ છે. આ સિવાય બીજી ત્રણ નાની સરકારી બેન્કો પંજાબ એન્ડ સિંધ બેન્ક, બેંક ઓફ મહારાષ્ટ્ર અને યુકો બેન્કનું ખાનગીકરણ કરવાનું સૂચન કર્યું છે. અન્ય સરકારી બેન્કો બેન્ક ઓફ ઈન્ડિયા, યુનિયન બેન્ક, ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક, સેન્ટ્રલ બેન્ક અને ઈન્ડિયન બેન્કનું ચાર સરકારી બેન્કોમાં વિલિનીકરણ કરાશે અથવા તો તેમાંથી સરકાર પોતાની ભાગીદારી ઘટાડીને ૨૬ ટકા સુધી જ રાખશે.

ખાનગીકરણ માટે કેટલાક સમય પહેલા કેન્દ્ર સરકારે સ્ટ્રેટેજિક અને નોન સ્ટ્રેટેજિક સેક્ટર નક્કી કર્યા હતા.જે પ્રમાણે બેન્કિંગ સેક્ટર સ્ટ્રેટેજિક સેક્ટરમાં આવે છે.જેમાં માત્ર ચાર સરકારી સંસ્થાઓને મંજૂરી આપી શકાય તેમ છે. આ સંજોગોમાં સરકાર ચાર જ બેંક રાખશે. આ પ્રસ્તાવને બહુ જલદી કેબિનેટ સમક્ષ મુકવામાં આવશે.


**દ્વિતીય વાર્ષિક પૂણ્યતિથીએ સ્મરણાંજલિ**



**સ્વ. મનીષભાઈ દશરથભાઈ અમીન**

જન્મ તા. ૧૮-૧૦-૧૯૬૮ । સ્વર્ગવાસ તા. ૪-૦૯-૨૦૧૮

આપના મધુર સ્મરણો અંકિત છે, અમારા હૃદયમાં...
આપના કર્મોની સુવાસ જીવંત છે, અમારા શ્વાસમાં...
સદેહે આપ નથી એ સચ્ચાઈ છે,
પણ અસ્તિત્વમાં છો અને રહેશો, એ વિશ્વાસ છે....
**આજે દ્વિતીય પૂણ્યતિથીએ**
આપને સ્નેહપૂર્વક સ્મરણાંજલિ અર્પીએ છીએ...

**મુકુંદભાઈ કનુભાઈ પટેલ**
**રોહિતભાઈ કનુભાઈ પટેલ**

**ભાવિન મુકુંદભાઈ પટેલ** (પનઘટ કલા કેન્દ્ર - ગાંધીનગર) **સૌમ્ય ભાવિન પટેલ**

**પ્રતિક રોહિતભાઈ પટેલ** (રંગોલી પ્રી. સ્કૂલ - ગાંધીનગર) **સ્મિત પ્રતિક પટેલ**



ભલે પધાર્યા... **સુસ્વાગતમ્** ભલે પધાર્યા...

**આજે ગાંધીનગર પધારતા ભાજપના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ**

**શ્રી સી. આર. પાટીલનું ભાવભીનું સ્વાગત છે.**



**મા. શ્રી સી. આર. પાટીલ**
અધ્યક્ષ, ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી



**શ્રી મહેન્દ્રભાઈ પટેલ 'દાસ'**
પ્રમુખ, ગાંધીનગર મહાનગર, ભાજપ

**ઋષિવંશી સમાજ સેવા સંઘ પરિવાર**

**ભાજપના પ્રદેશ અધ્યક્ષને અંતરના ઉમળકાથી આવકારે છે...**



**હેમરાજભાઈ રામજીભાઈ પાડલીયા**
પ્રમુખ, ઋષિવંશ સમાજ સેવા સંઘ, ગુજરાત

- ગુજરાત રાજ્ય કામદાર કો-ઓપરેટીવ સોસાયટીના મેનેજિંગ ડાયરેક્ટર
- ગુજરાત રાજ્ય ઋષિવંશી સમાજ સેવા સંઘના સ્થાપક પ્રમુખશ્રી
- ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ કોટન ફેડરેશન લી. (ગુજકોટ)ના માજી ડાયરેક્ટર
- ગુજરાત રાજ્ય કામદાર યુનિયન એસોસિએશન
- ઈન્ડિયન એક્ટીવ જર્નાલીસ્ટ એસોસિશનના ટ્રસ્ટી
- સૌરાષ્ટ્ર - કચ્છ મિત્રમંડળનાં ટ્રસ્ટી ● બાબરા મંદિર કાર્યકારી ટ્રસ્ટી